ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*જાહેરમાં મોંઘવારી-રાક્ષસ લૂંટતો જાય છે,*
*ને ગરીબ ગરીબીમાં ઊંડો ડૂબતો જાય છે.*
*ચૂંટતો જાય છે, નવા નવા નેતા માથાં કૂટતો -*
*ખૂટતો જાય વિશ્વાસ રૂપિયો, તૂટતો જાય છે!!*
*(તઘલખી તૂક્કામાં વેડફાતો વિકાસ)*

**હાઈકુ**

*વાચા વાચાળ*
*ને વચને લબાડ -*
*કાગડા કાળા!*

*વિશ્વમાં આજે,*
*રહી છે ક્યાં કિંમત -*
*રૂપિયા જેમ...*

### ચિંતન

**ધર્મ તે બિરતિ જોગ તે ગ્યાના, જ્ઞાન મોક્ષપ્રદ બેદ બખાના ।**
**બિમલ જ્ઞાન જલ જલ સો નહાઈ, તબ રહ રામ ભગતિ ઉર છાઈ ॥**

ઉપરોક્ત સાખી બાલકાંડમાંથી લેવામાં આવેલ છે.

વૈરાગ્ય જ ધર્મ છે, યોગ જ જ્ઞાન છે, જ્ઞાન મોક્ષદાયી છે, એવું વેદમાં કહ્યું છે, વિમલ જ્ઞાનજળમાં જો ન્હાય તો રામભક્તિ ઉરમાં છવાઈ જાય છે.

વિમલ - વિશુદ્ધ જ્ઞાન એટલે વિવેકપૂર્ણ 'સાચી સમજ'. આપણું આ સંસારમાં આગમન શા માટે થયું - મારી અહીં શું કરવાનું છે ? જીવનનો હેતુ અને મારો આદર્શ શું છે - આ પ્રશ્નોનું નિખાલસ પણે ઈશ્વરના સાનિધ્યમાં વિચારણા એટલે જ ભક્તિ... દરરોજ અંતર આત્માને ઢંઢોળી પૂછો શું હું આ યોગ્ય કરું છું ?!

### સુવિચાર

- સેંકડો અકલમંદ મિલતે હૈ, કામ કે લોગ ચંદ મિલતે હૈ,
  જબ મુસીબત આતી હૈ તબ 'ભગવાન' કે સિવા સબ કે દરવાજે બંધ મિલતે હૈ - **રાહત ઈન્દોરી**
- એના જ ઘરમાં જગા એમ જ ઈશ્વર કંઈ દેતો નથી, બદલામાં શ્વાસ લે છે, કાંઈ ઉધાર દેતો નથી - **ચંદ્રેશ પ્રજાપતિ**
- ઘરના બારણે લખવા જેવું વાક્ય... 'ખાલી હાથે આવજો પણ ખાલી હૃદયે ન આવજો' - **સાકેત દવે**
- તું મણકા બદલ કે પછી આખેઆખી માળા,
  બદલ, પરિણામ ત્યારે જ આવશે જયારે તું મનમાં રહેલા વિચાર બદલાવીશ - **નવનીત**
- જયાં સુધી કિસ્મતનો સિક્કો હવામાં છે ત્યાં સુધી નિર્ણય લઈ લેજો, કારણ કે એ જયારે નીચે પડશે ત્યારે એ પોતાનો નિર્ણય બતાવી દેશે - **રઈશ મણીયાર**
- માનવીના જ્ઞાનને માપવા માટે તેની નમ્રતા અને સૌને પ્રેમ કરવાની તેની તાકાતને તપાસવી પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પલાસના ગુંદરને દૂધમાં ઉકાળી માપસર ખડી સાકર નાખી પીવાથી હાડકા મજબૂત થાય છે. વીર્ય વૃદ્ધિ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શૂરવીર અને બુદ્ધિમાન રાજા હતો. નાના રાજયો જીતીને તેણે ખૂબ સંપત્તિ એકઠી કરી હતી. એકવાર એ નાના રાજયની શુભેચ્છા મુલાકાતે ગયો. પેલા રાજાએ તેનું સ્નેહાભાવથી ભવ્ય સ્વાગત કર્યું. રાજાએ કહ્યું, મારે આપના રાજયના નાના ગામડાની છૂપાવેશે મુલાકાત લેવી છે. બંને રાજાએ વેશ પલ્ટો કરી એક નાના ગામમાં ગયા ત્યાં ગામની પંચાયત ભરાયેલી જોઈ. સરપંચે બે પક્ષને સાંભળવા ભેગા કર્યા હોય એવું દૃશ્ય હતું. પહેલાં માણસે કહ્યું, 'મેં પ્રતિવાદીનું ખેતર ખરીદ્યું છે. તે ખેડવા જતાં મને જમીનમાં કે તેના ઉપર મારો કોઈ અધિકાર નથી. મેં તો માત્ર જમીન ખરીદી હતી. એટલે એ મુદ્રાઓ ઉપર મારો નહીં પણ પ્રતિવાદીનો અધિકાર છે. પણ પ્રતિવાદી એ મુદ્રાઓ લેવાનો ઈન્કાર કરે છે. તમે હુકમનો કરો જેથી આ મુદ્રાઓ તેમણે સ્વીકારવી પડે.' પ્રતિવાદી એ પોતાની વાત રજૂ કરતાં કહ્યું, સરપંચ સાહેબ, મેં મારી જમીન વેંચી તો દીધી છે હવે જમીન કે એની અંદર મળતી કોઈ પણ સંપત્તિ પર મારો કોઈ અધિકાર જ નથી. એટલે વાદી ને તમે કહો કે એ મુદ્રાઓ મારે નથી જોઈએ. સરપંચે પોતાની કોઠાસૂઝ વાપરતાં કહ્યું, 'વાદી નો છોકરો અને પ્રતિવાદીની છોકરીના લગ્ન કરી દેવા જોઈએ ને અને આ તમામ મુદ્રાઓ આ નવદંપત્તિને આપી દેવા જોઈએ.' આવો અદ્ભૂત ન્યાય જોઈને બંને પક્ષો ખુશ થઈ ગયા. બંને રાજા પણ ખુશ થયા અને શૂરવીર રાજાને પણ થયું કે હું ધન-દોલત માટે આટલો રક્તપાત કરાવું છું. મારો લોભ એ તૃષ્ણા ધિક્કારવાલાયક છે. હવે કોઈ યુદ્ધ નહીં, હવે કોઈ લડાઈઝઘડા નહીં.

# રાજકારણની વિષાદપ્રેરક છબી

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણ કેટલી હદે નીચે ઊતરી શકે એનું. છેલ્લું પ્રમાણ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને આવકવેરા વિભાગ દ્વારા પાઠવાયેલી નોટીસ છે. શું આવા ઉચ્ચ કક્ષાના મહાનુભાવો જાતે રિટર્ન ભરતા હોય છે ? એમની પાસે દેશના શ્રેષ્ઠ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય. એમને એ પણ ખબર હોય કે કોઈ પ્રકારની નાની શી ગફલત એમને પોસાય નહીં. નેશનલ હેરાલ્ડનું નવજીવન ટ્રસ્ટ દ્વારા સંપાદન એમના રિટર્નમાં ન બતાવાયું હોય તો એનો જવાબ પણ એમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હશે જ. પરંતુ આ રીતે એમને જાહેર જનતા સમક્ષ ટેક્સ ડિફોલ્ટર બતાવવાં કે આવકવેરા વિભાગ દ્વારા નોટિસ પાઠવી ધક્કા ખવડાવવા તે કોઈ પણ શાલીન સરકારને શોભે નહીં. વિપક્ષના નેતાઓને પણ ઈજ્જત હોય અને એ ઈજ્જતના ધજાગરા ઉડાવવાથી શાસક પક્ષ સારો ન જ દેખાય. કોણ જાણે મોદી શાસન આવી પરપીડનવૃત્તિથી કેમ પીડાયા કરે છે ! રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી વિરુદ્ધ રાજકીય મુદ્દાઓ ઉપસ્થિત કરીને એમને ભોંઠા પાડવામાં તો કદાચ પાર્લામેન્ટરી પદ્ધતિથી લોકશાહીમાં ઔચિત્ય ગણી શકાશે, પરંતુ આવકવેરા જેવા મુદ્દે એમને બદનામ કરવામાં તો રાષ્ટ્રીય નેતા ગણનું એક રીતે ચરિત્ર હનન જ થયું લેખાશે. બધા જાણે છે કે રાજકારણ હવે પૈસાનો ખેલ બની ગયેલ છે. એમાં સૌથી વધુ બે નંબારિયાં નાણાં હરહંમેશ શાસક પાર્ટી પાસે જ હોય તો પણ સમજી શકાય એમ છે. શું કોંગ્રેસ કે ભાજપનો મળતાં નાણાંનો અદલ હિસાબ આવકવેરા વિભાગ પાસેથી મળી શકે એમ છે ? એક તાલુકા કક્ષાનો આગેવાન પણ એનાં જાણીતા આવક સ્ત્રોતો કરતાં ઘણી વધારે આવક ધરાવતો હોય છે. સામાન્ય ત્રીજા વર્ગનો તલાટી જેવો કર્મચારી કરોડોમાં આળોટતો હોય છે. આવકવેરા વિભાગે તપાસ જ માંડવી હોય તો સર્વોચ્ચ સ્થાને બેઠેલા બ્યુરોક્રેટ્સથી અને રાજ ચલાવતી શાસક પાર્ટીના મંત્રીઓથી શરૂ કરવી જોઈએ. અત્યાર સુધી સીબીઆઈ, ઈડી વગેરે મારફત વિરોધીઓને દબાવાતા હતા. ઈન્કમટેક્ષના ડાઘિયા છૂટા મૂકી દઈ વિપક્ષી આગેવાનોને વશ કરવાના કે એમની જાહેરમાં બેઈજ્જતી કરવાના પ્રયાસોથી ચરિત્ર હનનની આ ગંદી રાજનીતિનો વરવો ચહેરો સામે આવી રહ્યો છે. નેશનલ હેરાલ્ડની ઘટનામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ દોષિત ઠરે તો અદાલત અને સજા કરી શકે છે. પરંતુ જે કામ અદાલત કરી રહી છે એનો સંબિત પાત્રા જેવા શાસક પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા મોદીરાજની 'જીરો ટોલરન્સ' નીતિ કહે છે ત્યારે કેન્દ્ર ન્યાયતંત્રને પણ આંગળીના ઈશારે નચાવતી હોય એવો જ સંકેત મળે છે. આજે પરસ્પરના સમ્માનનો યુગ આથમી ગયો છે અને એકમેકને બદનામ કરવાની રાજનીતિનો યુગ શરૂ થયો છે. રાજકારણ આટલી હદે નીચી કક્ષાએ ઊતરી જશે એવી તો આઝાદીની ચળવળ કરનારા ગાંધી - નહેરુ કે સરદાર પટેલ જેવા નેતાઓએ સ્વપ્ને પણ કલ્પના નહીં કરી હોય.

# આદિત્યને લાગ્યું કે જાણે તે આકાશમાંથી નીચે પટકાયો



**નવાં કલેવર**

નટવર હેડાઉ

ઘરનાં બધા તેને મુકીને પાર્ટીમાં ગયા હતા. આઠ વર્ષના નાના આદિત્યને સમજાતું ન હતું કે તે શું કરે ? રડતાં રડતાં તે કંઈ પણ ખાધાં પીધાં વિના સૂઈ ગયો.

મમ્મી-પપ્પાનું કાર એકસીડેન્ટમાં મોત થયા પછી બે વર્ષ પહેલાં અનાથાશ્રમમાંથી તેને અહીં લાવવામાં આવ્યો હતો. શરૂમાં સૌ તેને પ્રેમ કરતાં હતા. પરંતુ એક વર્ષ પછી પ્રસુનના જન્મ પછી બધાનો તેના તરફનો વહેવાર બદલાઈ ગયો.

દાદાજી પ્રેમથી કહેતા 'દીકરા, જરા મારા પગ દબાવી આપ.' દાદીમાં કહેતા 'જરા માથામાં તેલ માલીશ કરી આપ બહું જ દુઃખે છે.' મમ્મી કહેતી 'જરા દોડતો જઈને બજારમાંથી શાકભાજી લઈ આવ.' પપ્પા કહેતા, 'જરા મારી કારને સાફ કરી દે.' નાનકડા પ્રસુનના બધા કામ તે ભાગી ભાગી ભાગીને કહતો કોઈ વાર સહેજ ભૂલ થઈ જતાં મમ્મી તેને ખીજાઈને ધમકાવી નાંખતી. બધા કામો કર્યા પછી તે જયારે ભણવા બેસતો ત્યારે થાક ને કારણે તેને નીંદર આવવા લાગતી. આ બધું થવા છતાં કાચીબુદ્ધિનો આદિત્ય બધાને પોતાના સમજતો રહ્યો.

આજ પ્રસુનનો પહેલો જન્મ દિવસ હતો. નાના ભાઈના જન્મ દિવસને કારણે આદિત્ય ખુભ ખુશ હતો. વીસ દિવસ પહેલાંથી એ કલ્પનાઓ કરવા લાગેલો કે પાર્ટીમાં ખુબ મજા આવશે. તે કેક ખાશે. ભાઈને મળેલ ગીફ્ટોથી રમશે. ફુગ્ગા ફૂલાવશે.

પાર્ટી ખૂબ જ મોંઘી રેસ્ટોરેન્ટમાં હતી. સાંજે મમ્મીએ આદિત્યને એક ગ્લાસ પાણી લાવવા કહ્યું. પાણી લઈને તે ઓરડામાં આવ્યો ત્યારે મમ્મી અને માસી વચ્ચે થતી વાતો તેને સંભળાઈ. માસી કહેતા હતા. આવડું મોટું ઘર રેઢું ન રખાય. આદિત્યને અહીં રાખ. ત્યારે મમ્મી એ કહ્યું, 'હાં' બહું મોટા મોટા લોકો આવવાના ત્યાં પાર્ટીમાં ઘરના નોકરને વળી શું લઈ જવાનો ?

આદિત્યને લાગ્યું કે જાણે તે આકાશમાંથી નીચે પટકાયો.

પાણી લઈને તે અંદર આવ્યો ત્યારે મમ્મીએ તેને કહ્યું, દીકરા આદિત્ય તું ઘેર જ રહેજે. આજકાલ ઘર રેઢું મુકાય એમ નથી. અમે તારા માટે પીઝા પેક કરાવીને લઈ આવીશું.

તે ચૂપચાપ તેમની સામે જોઈ રહ્યો. પરંતુ તેમના ગયા પછી તે ઘણીવાર સુધી રોતો રહ્યો. ઉપેક્ષા અને અપમાનથી તે બળી રહ્યો હતો. જેમને તે પોતાના દાદા-દાદી અને મમ્મી-પપ્પા સમજતો હતો. તેઓ તેને ઘરનો નોકર ગણતા હતા.

થોડીવાર પછી તે ઊભો થયો. પગમાં સ્લીપર પહેર્યા અને બહારના બારણાની સ્ટોપર વાસી અનાથાલાય તરફ ચાલી નીકળ્યો.

# લાગણીઓના ઘોડાપૂર: આપણી ઈચ્છા-અનિચ્છાએ તેમાં તણાતા રહીએ છીએ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

રામાયણની એક કથા ખૂબ જ જાણીતી છે. રાજા દશરથજીના પ્રિય રાણી કૈકૈયીજી યુધ્ધ કૌશલ્યમાં માહિર હતાં. રજા દશરથજી ને તેઓ યુધ્ધને સમયે સંપૂર્ણ રીતે સાથ આપતા હતા. એકવાર દેવરાજ ઈન્દ્ર સંબરાસૂર રાક્ષસ સામે યુધ્ધ કરી રહ્યા હતાં. એ રાક્ષસ એટલો બળવાન હતો કે યુધ્ધ કરતાં કરતાં દેવો પણ તેની સામે હામ ભીડી ના શક્યાં અને હિમ્મત હારી ગયા, દશરથજી પણ એક મહાબળવાન યોધ્ધા હતા. રાજા ઈંદ્રદેવે દશરથજીને સંબરાસૂર રાક્ષસ સામેના યુધ્ધમાં સાથ આપવા માટે વિનંતી કરી. દશરથજી રાજી થયા. રાણી કૈકૈયીજી પણ દશરથજીને યુધ્ધમાં સાથ આપવા માટે તેઓની સાથે જોડાયા.

યુધ્ધ દરમ્યાન દશરથજીના સારથીને એક બાણ વાગ્યું અને તે ઘવાયો. સારથી ઘવાયો એટલે દશરથજીનો રથ ડગમગી ગયો જેને કારણે દશરથજીને યુધ્ધ લડવામાં વિક્ષેપ પડવા લાગ્યો. પરિસ્થિતિની ગંભીરતા જાણીને એ જ સમયે રાણી કૈકૈયીજીએ દશરથજીના રથની કમાન પોતાના હાથમાં લઈ લીધી અને પોતે સારથીની ભૂમિકામાં આવી ગયા. કૈકૈયીજીએ કમાન સંભાળી પછી રથ સ્થિર થયો એટલે દશરથજી પૂરી તાકાતથી યુધ્ધ લડવા લાગ્યા. એ દરમ્યાન ફરી પાછું એક વિઘ્ન આવ્યું. દશરથજીના રથનું પૈડું એક ખાડામાં ફસાઈ ગયું. રાક્ષસ પણ પૂરી તાકાતથી આક્રમણ કરતો હતો અને રથ ખાડામાં ફસાઈ ગયો તેને કારણે દશરથજી પણ ઘવાયા. એ જ સમયે ફરી એકવાર કૈકૈયીજીએ પોતાનું કૌશલ્ય બતાવ્યું અને રથની નીચે ઉતરી ખાડામાં ફસાયેલા રથના પૈડાંને બહાર કાઢ્યું અને પછી પોતે હાથમાં શસ્ત્રો લઈને રાક્ષસ સામે પૂરી તાકાતથી પ્રહાર કરવા લાગ્યા. રાણી કૈકૈયીજીની બહાદૂરી અને યુધ્ધ પ્રવિણતા જોઈને રાક્ષસ ભયભીત થઈ ગયો, પોતાનું મોત ભાળી ગયો અને રણમેદાન છોડીને ભાગી ગયો.

રાણી કૈકેયીજીની બહાદૂરીથી દશરથજી ખૂબ જ પ્રભાવિત થયા. ખૂબ જ ખુશ થઈને દશરથજીએ રાણીને ઈચ્છા હોય એવા બે વચનો માંગવા કહ્યું. રાણીએ કહ્યું કે ભવિષ્યમાં જયારે પોતાને આવશ્યકતા ઊભી થશે ત્યારે એ વચનો માંગશે. દશરથજીએ પણ વચન આપ્યું કે રાણી જ્યારે પણ માંગશે ત્યારે એ વચનો પૂર કરશે. ત્યાર પછીની વાત પણ ખૂબ જ પ્રચલિત અને જાણીતી છે કે શ્રીરામનો રાજયાભિષેક કરવાનું નક્કી થયું ત્યારે કૈકેયીજીએ પોતાના એ વચનો માંગ્યા અને એ વચનો થકી શ્રીરામને ચૌદ વર્ષ વનવાસ ભોગવવો પડ્યો. એ વચનો રાજા દશરથજી માટે પ્રાણઘાતક નિવડ્યા.

રામાયણનાં આ બંને પ્રસંગો ખૂબ જ મહત્વના છે. એક રાજા દશરથજીએ રાણી કૈકેયીજીને બે વચનો માંગવા માટે કહ્યું તે અને બીજો વર્ષો પછી કૈકેયીજીએ પોતાના વચનો માંગ્યા તે. વિવેચકોનું કહેવું છે કે આ બંને પ્રસંગો સમયે રાજા દશરથજી લાગણીઓના આવેશમાં હતા. તેમની લાગણીઓ તીવ્ર હતી કહોકે તેઓ લાગણીના પ્રવાહમાં તણાઈ રહ્યા હતા. પહેલા પ્ર્સંગના સમયે તેને યુધ્ધમાં વિજય મળ્યો હતો તેથી તેઓ આનંદની લાગણીઓનાં ધસમસતા પ્રવાહમાં તણાઈ રહ્યા હતા. એ ઉપરાંત રાણી કૈકેયીજીની બહાદૂરીને પણ સૌ દેવો વધાવતા હતા તેના આનંદનો પણ આવેશ હતો. બીજા પ્રસંગે પોતાના જયેષ્ઠ પુત્ર શ્રીરામનો રાજયાભિષેક થવાનો હતો તેના આનંદના ઘોડાપૂર વહી રહ્યા હતા. બીજા પ્રસંગના સમયે રાણી કૈકેયીજી પણ પોતાના પુત્ર ભરતજી રાજગાદીથી વંચિત રહેવાના હતા એટલે એ પ્રકારની લાગણીની તીવ્રતાથી પીડાતા હતા. દશરથજી લાગણીના આવેશમાં હતા ત્યારે આપેલા બે વચનો, અને એવા જ લાગણીના આવેશ સમયે કૈકેયીએ માંગેલા વચનો રાજા દશરથજી માટે શાપરૂપ નિવડ્યા. એવી જ રીતે કૈકેયીજીએ પણ લાગણીના આવેશમાં આવીને વચનો માંગ્યા હતા જેનો પાછળથી તેમને પશ્ચાતાપ થયો હતો.

આપણાં જીવનની નદી સામાન્ય રીતે સહજ રીતે અને મંથર ગતિએ વહેતી હોય છે. એવું જ આપણી લાગણીઓનું છે. વરસાદના સમયે જ જેમ નદીમાં પૂર આવે છે, ક્યારેક ઘોડાપૂર આવે છે એવી જ રીતે હૃદયમાથી સહજ રીતે ઊભરતી લાગણીઓમાં પણ કોઈપણ કારણસર ક્યારેક લાગણીઓના ઉભરાઓ આવે છે, ક્યારેક લાગણીઓના ઘોડાપૂર પણ આવતા હોય છે.

નદીમાં પૂર આવે છે અને પછી એ પૂર ઓસરી જાય છે ત્યારે નદીના કાંઠે કચરો છોડી જાય છે. એ કચરામાં ક્યારેક બાળકોના તૂટેલા રમકડાઓ તો ક્યારેક સ્ત્રીઓની ભાંગેલી બંગડીઓ હોય છે. એવી જ રીતે લાગણીઓના પૂર પણ જયારે ઓસરી જાય છે ત્યારે ક્યારેક વેદના અને વ્યથાને છોડી જતાં હોય છે. લાગણીના પૂર ક્યારેક એટલા ભયંકર હોય છે કે એ પૂર જયારે ઓસરે છે ત્યાં સુધીમાં તો આપણે તબાહ થઈ ગયા હોઈએ છીએ અને શેષ રહી ગયા હોય છે માત્ર આપણાં વ્યક્તિત્વના અવશેષો.

લાગણીના પૂર ક્ષણીક જ હોય છે. એ કાયમ રહેતા નથી પણ એ પૂર જયારે આપણી અંદર પૂરવેગે ધસમસતા હોય ચ્હે એ સમયે કરેલા કેટલાક કાર્યો, એ સમયે આપેલા કેટલાક વચનો, એટલા આવેશપૂર્ણ અને અસહજ હોય છે કે જ્યારે આપણી લાગણીઓ સહજ બને છે ત્યારે આપેલા વચનો પાળી શકાતા નથી. આવેશમાં આવીને કરેલા કાર્યો બદલ પશ્ચાતાપ કરવો પડતો હોય છે કારણકે એ કાર્યો થકી કદાચ ઘણું નુકશાન થઈ ચૂક્યું હોય છે.

મારો, તમારો અને આપણાં સૌનો એ અનુભવ છે કે જીવનમાં ક્યારેક ને ક્યારેક તો આપણે લાગણીના આવેશમાં આવતા જ હોઈએ છીએ. આવું થાય છે ત્યારે આપણાં મન અને શરીર અંકુશમાં નથી રહી શકતાં. લાગણીના પૂર આવે ત્યારે શ્વાસોશ્વાસની ગતિ વધી જાય છે, હૃદયના ધબકારા અનિયમિત થઈ જાય છે અને ક્યારેક ચહેરાના ભાવ પણ બદલાઈ જતાં હોય છે. લાગણીના આવેશની આપણાં મન અને દિમાગ ઉપર પણ અસર થતી હોય છે. એ સમયે આપનું દિમાગ ભવિષ્યનું વિચારી શકતું નથી. આ પરિસ્થિતિમાં આપણે ક્યારેક સાચા તો ક્યારેક ખોટા નિર્ણયો લઈ લેતા હોઈએ છીએ જે ભવિષ્યમાં ક્યારેક ફાયદાકારક તો ક્યારેક આઘાતજનક પણ નિવડતા હોય છે.

(ક્રમશઃ)

# જીવન વિનાના સંબંધો સમાજમાં સ્વીકૃત શાથી થાય છે?



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

માનવને માનવીની પ્રથમ શોધ હંમેશા રહેતી હોય છે. માણસ સામાજિક જીવ છે જેને જન્મથી મરણ સુધીની સફરમાં માનવી પાસેથી બધું જ જોઈએ છે. અબજો પ્રકારના જીવજંતુ અને સજીવોથી ભરેલી આ સૃષ્ટિ પર માણસ એક અનોખો જીવ છે અને આ જીવને બધુ જ ભરપૂર જોઈએ છે. માણસને ખબર નહીં પરંતુ જીવનની ઉત્ક્રાંતિ બાદ ભૌતિકવાદ અને ભોગવાદની ભૂખ ખૂલી થઈ છે. એટલે વિશ્વ વિકસિત થઈ ગયું છે અને સાથે સાથે વિનાશનાં પગથિયાં પણ ઊભા થઈ રહ્યાં છે! મહિલાના અંગમાંથી, તન અને મનથી માણસ જન્મ લે છે એટલે સહજતાથી મહિલા પરત્વે દરેકને માયા કે મમતા મનમાં પ્રવર્તમાન રહ્યા કરે છે. નર અને માદાથી સંસારચક્ર ફરતુ રહે છે પણ નરનું મનથી સંમોહન નથી પરંતુ જન્મદાત્રી જે છે તે જીવનપર્યંત દિલોદિમાગમાં વસે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં માનવી જીવનભર અટવાયા કરે છે અને સુકર્મોથી ધાર્મિક બળથી જીવે તો અંતે મોક્ષ પામે અને સદ્ગતિ થાય છે પ્રશ્ન હવે એ વિશ્વને પરેશાન કરી રહ્યો છે કે સૌ કોઈને સંબંધો પસંદ છે પરંતુ બંધન બિલકુલ પસંદ નથી !! અરે, સંબંધ હોય ત્યાં સ્વચ્છંદતા કઈ રીતે ઘૂસી ગઈ ? પાસે હોવા છતાં માઈલો દૂર રહેતા દંપત્તિને સંસારમાંથી અમૂલ્ય સિદ્ધિઓ, ધર્મ, અર્થ, પ્યાર વગેરે કઈ રીતે મળી શકે ? બધા જ લોકો કમાણી ખાતર બધુ જ કરવા કે બધુ જ છોડવા તૈયાર થઈ જાય છે ત્યારે નાણાની હકૂમત ચાલે છે, માનવીની નહીં. નાણાંથી જ બહુ માપવાની પ્રથા આવી એટલે તેમાંથી જવાલો ઊભા થયા છે. બંધન વિનાનો સંબંધ એટલે મનસ્વી રીતે મોજમજા કરવી આ જીવન છે ખરું ? શિસ્ત, શિકાયત, શખ્સિયત, શર્મમાં માનવીય ગુણોની એક અપેક્ષા રહેલી હોય છે. નવી પેઢીના યુવાવર્ગને કૉલેજનાં કેમ્પસમાં કે યુનિવર્સિટીના કેમ્પસમાં બેસર્મ વિરહતા જોઈને દિલને ઠેસ વાગે વાગે છે. એટલે નહીં કે આવું જીવન કેમ અમને ના મળ્યું બલ્કે આ પ્રકારની જીવનશૈલી કયાંથી આવી ગઈ જેમાં સહવાસ એટલે સાથે શરાબ, ધ્રુમપાન અને બસ બેહિસાબ મોજમાં રહેવાનું! જે યુવતી સ્મોકિંગ કરે કરે છે શરાબમાં મસ્ત થઈ જાય છે તે કેવું માતૃત્વ પ્રદાન કરશે ? સ્ત્રી તરીકે તે કઈ રીતે ત્યાગની ભાવના લાવશે?

બંધન વગરના સંબંધોની વાત આટલાથી નથી અટકતી, આ પ્રકારના સંબંધો કોઈ એક વ્યક્તિ જોડે ન હોય તો હજી પણ સમજી શકાય કે સહજીવનની શૈલીમાં સાથ આપવામાં આવી રહ્યો છે પરંતુ એક એક યુવાન-યુવતિને પાંચ, પાંચ દોસ્તો અને બધા જ ખુબ અજીબ અને ખાસ... હવે આ કઈ પ્રકારની જીવન પ્રણાલી ભારતમાં ઊભી થઈ ગઈ છે ? માબાપ દૂર હોય તેઓ પોતાની સંતાનો ઉંમર મોટો વિશ્વાસ-શ્રદ્ધા રાખતા હોય અને દૂર ભણતા કે જોબ કરતાં સંતાનો આ પ્રકારનાં મુક્તાચારમાં શરાબ - શબાબ અને નશામાં પ્રચુર થઈને જીવતા હોય છે, આ દૃશ્યો જોઈને મન ઉદાસ થઈ જાય છે ! વૈભવી જીવનના સ્વપ્નાઓને પાર પાડવા પોતાની જાતને દાવ ઉપર મૂકી દેવી એ શું ઉચિત છે? બંધન વિનાના સંબંધો શું જીવન ને તબાહ નહીં કરે ? ભાવિ મા-બાપની આ પ્રકારની શ્રેણી કેવો સમાજ રચશે ? આ પ્રશ્ન ખુબ જ ગંભીર છે. બંધન વિનાના સંબંધો રચશે ? આ પ્રશ્ન ખુબ જ ગંભીર છે. બંધન વિનાના સંબંધોમાં વાસનાઓની પૂર્તિ, કમાણઈ, નશાનું વેચાણ, આડાઊભા સ્વાર્થ, અને ભોદવાદથી વિશેષ કશું જ હોતું નથી. મૈત્રીકરાર પણ આવા જ પ્રકારનો એક તરકટી સંબંધ છે. પારસ્પરિક વફાદારી અને શુદ્ધ પ્રેમ વિનાનો સ્ત્રી-પુરુષ સંબંધ હરગીજ દિવ્ય કે ભવ્ય કે સહજ હોઈ શકતો નથી. આજનાં માતાપિતા સંતાનો માટે માત્ર ફાઈનાન્સરનું કામ કરી શકે છે કેમ જે જીવનસંઘર્ષ વધુ છે. બંધન વિનાના સંબંધોમાં બધુ જ કંગાળ હોય છે અને ગેરલાભ મળે પછી રેપની પણ ફરિયાદ થતી હોય છે. આજની મહિલાઓએ પોતાની ભલાઈ કયાં છે એ બાબતે ખુબ જ સતર્ક રહેવાની આવશ્યકતા છે. સ્વચ્છંદતાના યુગમાં કામ વાસનાની પૂર્તિ કરવા બળાત્કાર પણ વધી જ રહ્યા છે. અને કાયદામાં ફળ મળતા કે ન્યાય મળતા વર્ષો વીતી જાય છે. જીવનના પ્રત્યેક તબક્કે વ્યક્તિએ સાવધ રહી ને જીવવું પડે તો સફળતા - સુખી વગેરે મળી શકે છે. કર્મોથી વધીને કંઈ જ નથી. જીવનનો મર્મ એટલે કર્મનો સાચો ધર્મ અને તેમાં રહેલી અખૂટ શ્રદ્ધા. નવી પેઢી હવે જાગૃત થઈ ને જીવે એવી અપેક્ષા છે.

**શેર આસ્વાદ :**

તમારા વગર એ કુંવારી જ રહેશે
તમારી કબર તો તમારી જ રહેશે

**- રમેશ પારેખ**